Name : Ayushi P. Gorasiya

Sem : 6

Subject : COC

Major : Economics

COC R.N : 184

Code : MJ-BAF-101

Reg No : COC2025184

Ayushi

# Q: RBI ની નાણાકીય નીતિ:

1

• **પ્રસ્તાવના:**

RBI એ ભારતની મધ્યસ્થ બેન્ક છે. જે આર્થિક સ્થિરતા મેળવવાનુ કાર્ય કરે છે. જેમાં નાણાકીય નીતિ મહત્વનો ભાગ છે. જેને Monetary Policy દ્વારા નક્કી કરવામાં આવે.

• **નાણાકીય નીતિ:**

એવા સાધનોનો સમૂહ જેનો ઉપયોગ રાષ્ટ્રની મધ્યસ્થ બેન્ક દ્વારા એકંદર નાણા પુરવઠાને નિયંત્રિત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.

• **પ્રકારો:**

1 વિસ્તારવાદી 2 સંકોચવાદી 3 તટસ્થ

1 **વિસ્તારવાદી:**
- ઉદ્દેશ્ય: આર્થિક વૃદ્ધિ વધારવી, બેરોજગારી ઘટાડવી.
- RR માં ઘટાડો, CRR ઘટાડો, OMO થી ખરીદી
- લોન સસ્તી થવાથી રોકાણો વધશે.
- એ વધુ પડતુ થાય તો મોંઘવારી વધી શકે.

2 **સંકોચનવાદી:**
- ઉદ્દેશ્ય: મોંઘવારીને નિયંત્રણ કરવુ.
- RR માં વધારો, CRR વધારો, OMO થી વેચાણ
- લોન મોંઘી થશે અને ખર્ચ ઘટશે.

• વૃદ્ધિ ધીમી પડી શકે.

3 તટસ્થ :
- ઉદ્દેશ્ય: મોંઘવારી અને વૃદ્ધિ વચ્ચે સંતોલન કરવુ.
- અહી રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી.
- અર્થતંત્ર સ્થિર ગતિએ ચાલે.

• ઉદ્દેશ્યો:

1 RBI નો પ્રાથમિક હેતુ 4% મોંઘવારી મળવાની છે. જેની ± 2 ટોલરન્સ છે. 2016 ના ફ્રેમવર્ક હેઠળ નક્કી થયેલ છે.

2 GDP વૃદ્ધિને પ્રોત્સાહન આપવુ ખાસ કરીને નબળી વૃદ્ધિના સમયે.


3 બેન્કોમાં મૂડીની પર્યાપ્તતા, લીક્વીડિટી અને નાણાકીય જોખમ ઘટાડવો.

4 રોજગારી વધારવી અને રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવો.

• સાધનો:

• પ્રત્યક્ષ સાધનો:


1 Repo Rate:




• મોંઘવારી નિયંત્રણ
• વ્યાજ દરોનું નિર્ધારણ.

[ ટુંકાગાળા માટે]

2 રિવર્સ રેપો રેટ:
- ઉદ્દેશ્ય - બજારમાંથી પૈસા શોષી લેવા.




- રિપો રેટ કરતા આ રેટ ઓછો હોય છે.

3 CRR:
બેન્કો તેની જમા રકમની ટકો RBI માં જમા કરાવે. બેન્કની ક્રેડિટ આપવાની ક્ષમતાને વધારવી / ઘટાડવી.

4 SLR:
બેન્કોને તેમની નેટ ડિમાન્ડ અને ટાઈમ લાયબિલિટીની ટકો સરકારી બોન્ડ્સ, GOLD વગેરેમાં રાખવી.
• સરકારી ધિરાણને નિયંત્રિત કરવી.

5 MSF:
બેન્કો તત્કાલિન રેપોરેટ + 0.25% પર RBI પાસેથી લોન લઈ શકે.
• લિક્વીડિટી કટોકટીમાં મદદ.

- પરોક્ષ સાધનો:

1 OMO: RBI સરકારી બોન્ડ ખરીદે અને વેચે છે. બજારમાં લિક્વીડીટી વધારવી અને ઘટાડવાના ઉદ્દેશથી.

2 Marginal requirment: ક્રેડિટ લોન પર ગીરવે મૂકવાની રકમ વધારવી. ચોક્કસ Sector માં credit ઘટાડવી.

- અન્ય સાધનો:

1 LAF:
- રેપો રેટ + રિવર્સ રેપો રેટનું સમાયોજન. રોજની લિક્વીડિટીને નિયંત્રિત કરવા માટે.

2 Term Repo oparation:
- 7, 14, 28 દિવસની લોન આપવી.

3 વેરિયેબલ રેટ રેપો:
- ચલ વ્યાજદર સાથે રેપો.

- અસરો:

1 આર્થિક વૃદ્ધિ:
- વિસ્તરણકારી નીતિ: વ્યાજદર ઘટાડીને અને પૈસાનો પુરવઠો વધારીને રોકાણ અને ખર્ચ વધે છે, જેનાથી GDP વૃદ્ધિ થાય છે.
- સંકોચનકારી નીતિ: વ્યાજદર વધારીને ખર્ચ અને રોકાણ ઘટાડે છે. જે વૃદ્ધિને ધીમો પાડી શકે છે.

2 ફુગાવો:
- નીચા વ્યાજદરથી માંગ વધે છે, જેનાથી ફુગાવો વધી શકે છે.
- ઊંચા વ્યાજદરથી માંગ ઘટે છે, જે ફુગાવાને નિયંત્રણ કરે છે.

3 બેરોજગારી:
- વિસ્તરણકારી નીતિથી વ્યવસાયો વધુ રોકાણ કરે છે, જેનાથી નોકરીઓ વધે છે.
- સંકોચનકારી નીતિથી રોકાણ ઘટે છે, જે બેરોજગારી વધારી શકે છે.

4 વિનિમય દર:

... Palghar 401 404 - State: Maharashtra
MADE IN INDIA
₹ MRP ₹120.00 (incl. of all taxes)
1002851379

Ayushi



- ઊંચા વ્યાજદરથી વિદેશી મૂડી આકર્ષાય છે, જેનાથી રૂપિયો મજબૂત થાય છે.
- નીચા વ્યાજદરથી મૂડી બહાર વહે છે, જે રૂપિયાને નબળો પાડે છે.

5 રોકાણ અને બચત:
- નીચા વ્યાજદરથી લોન સસ્તી થાય છે, જે રોકાણને પ્રોત્સાહન આપે.
- ઉંચા વ્યાજદરથી બચત વધે છે, રોકાણ ઘટે.

6 બેન્કિંગ અને નાણાકીય સ્થિરતા:
- CRR, SLR જેવા સાધનોથી બેન્કોની લિક્વિડિટી નિયંત્રિત થાય છે.
- અતિ વિસ્તરણથી નાણાકીય અસ્થિરતા થાય છે.

• આયાત અને નિકાસકારો પર અસર:

1 વિનિમય દર પર અસર:
- વિદેશી મૂડી બહાર વહે છે, જેનાથી સ્થાનિક કરન્સી નબળી પડે છે.
- નિકાસ સસ્તી થાય છે, વિદેશી બજારમાં સ્પર્ધા વધે છે - નફો વધે.
- આયાતો મોંઘી થાય છે અને ખર્ચ વધે છે.

• સંકોચનકારી નીતિ:
- વિદેશી મૂડી આકર્ષાય છે, જેનાથી કરન્સી મજબૂત થાય છે.
- નિકાસો મોંઘી થાય છે, વિદેશી બજારમાં સ્પર્ધા ઘટે છે.
- આયાતો સસ્તી થાય છે અને ખર્ચ ઘટે છે.

2 **માંગ અને ફુગાવા પર:**

- વિસ્તરણકારી: અર્થતંત્રમાં માંગ વધી છે જેનાથી સ્થાનિક વસ્તુઓની માંગ વધી છે. આયાતો વધી શકે છે, પણ ફુગાવો વધે તો નિકાસકારોના ખર્ચ વધે.
- સંકોચનકારી: માંગ ઘટે અને આયાત ઘટે. ફુગાવો નિયંત્રણમાં રહે તો નિકાસકારોને સ્થિર કિંમતોનો લાભ મળે.

3 **ક્રેડિટ અને રોકાણ પર:**

- નીચા વ્યાજદરથી લોન સસ્તી થાય છે, નિકાસકારો અને આયાતકારો બંને વ્યવસાય વિસ્તારી શકે પણ વિનિમય દરની અસર વધુ પ્રબળ હોય છે.
- ઊંચા વ્યાજદરથી ક્રેડિટ મોંઘુ થાય છે, વ્યવસાયોના વિસ્તારમાં અડચણ, જે આયાત-નિકાસને અસર કરે.

• સામાન્ય લોકો પર પડતી અસર:

1 **લોન અને EMI:**

- હોમ અને કાર લોન સસ્તી, EMI ઘટે અને બોજ ઘટે

2 **બચત અને FD:**

- બચત ખાતા/FD પર વ્યાજ ઘટે - બચતનું વળતર ઓછું, FD પર વ્યાજ ઘટે

3 **ખર્ચ અને ખરીદી:**

- સસ્તી લોન, કાર, ઘર અને મોબાઇલની ખરીદી વધે, મોંઘી લોન → ખર્ચ ઘટે.

4 **નોકરી અને આવક:**

- વ્યવસાય વધે અને નોકરીઓ વધે, પગારમાં વધારો

5 **ફુગાવો અને કિંમતો:**

Ayushi

7

- વસ્તુઓ મોંઘી અને દાળ-શાકભાજીના ભાવ વધે, કિંમતો ઘટે અને બજેટમાં રાહત.

6 રોજગાર :
- રોજગાર વધે અને બજાર ઉછળે, રોજગારમાં વધારો થાય.

• વેપારી પર અસરો :

1 Stock Market : લોન સસ્તી અને કોર્પોરેટ નફો વધે. સંકોચન થી લોન મોંઘી અને ખર્ચ ઘટે છે.

2 કોમોડિટી : નીચા રેટથી Gold માં રોકાણ વધે. સંકોચનથી ઊંચા રેટથી Gold ઘટે અને ક્રૂડ માંગ ઘટે.

3 ફોરેક્સ : રૂપિયો નબળો અને એક્સપોર્ટર્સને ફાયદો, ઈમ્પોર્ટર્સને નુકશાન. સંકોચન થી રૂપિયો મજબૂત જ્યાં ઈમ્પોર્ટર્સને ફાયદો અને એક્સપોર્ટર્સને નુકશાન થશે.

4 Bond Market : બોન્ડ યીલ્ડ ઘટે અને બોન્ડ કિંમતો વધે. સંકોચનથી યીલ્ડ વધશે અને બોન્ડ કિંમતો ઘટશે.

5 વોલેટિલિટી : ઓછી અનિશ્ચિતતા → લો વોલેટિલિટી અને સંકોચનથી ઊંચી અનિશ્ચિતતા અને હાઈ વોલેટિલિટી.